વિકલાંગકલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૬૬૬૭/ન.બા.૭/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૦/૧૦/૨૦૧૮.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨.૦૫.૨૦૧૮નો ઠરાવ.

(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪.૧૦.૨૦૧૮નો ઠરાવ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૯/૦૯/૨૦૧૮નો પત્ર નં. સસુખા/અપગ/ડે.ટ્રાન્સ/૧૮-૧૯/૪૭૧.

<u>આમુખ :-</u>

વંચાણેલીધેલ (૧) પરનાઠરાવથીવિકલાંગકલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા માટે રૂ.૪૮.૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ વંચાણેલીધેલ (૨) પરનાઠરાવથીઆ યોજના માટે ટ્રાન્સપોર્ટ સુવિધા માટેની દરખાસ્ત મેળવવાની સુચનાઓ અને નિયમો/ધોરણોનો સમાવેશ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત બન્ને ઠરાવોમાં આ યોજના માટે ૧૬૦૦ બાળકો માટે બાળકદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/- લેખે અંદાજિત રૂ.૪૮.૦૦ ખર્ચ કરવાની સ્પષ્ટતા ન હોઈ ખર્ચની સ્પષ્ટતા અંગેનિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:(૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવઃ</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:(૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગકલ્યાણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા બાબતે૧૬૦૦ બાળકો માટે બાળકદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/- લેખે અંદાજિત રૂ.૪૮.૦૦ ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધેલ (૧) અને (૨) પરના સરખા ક્રમાંકના ઠરાવોની બાકીની તમામ શરતો/વિગતો યથાવત રહે છે.

**આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૧૨/૧૦/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.